રાજભવન, ગાંધીનગર.
તા. ૨૮/૦૨/૨૦૧૫

## વિવિધતાઓ ધરાવતા આપણા દેશની ઓળખ વિવિધતામાં એકતા છે

**– રાજયપાલશ્રી**

સાહિત્ય અકાદમી, નવી દિલ્હી અને ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય દ્વારા ગુજરાતી અને હિન્દીનો અંતર્સંબંધ વિષય પર યોજાયેલ રાષ્ટ્રીય સંગોષ્ઠી

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે ભાષાઓ–જીવનશૈલી, માન્યતાઓ, પ્રથાઓ, પ્રાદેશિક પરંપરાઓની વિવિધતાઓ ધરાવતા આપણા ભારત દેશની ઓળખ વિવિધતામાં એકતામાં સમાહિત છે. આ વિવિધતાઓને એક તાંતણે બાંધનાર આપણી ગૌરવશાળી ભારતીય સંસ્કૃતિ છે. આ સંદર્ભમાં જોઈએ તો હિન્દી અને ગુજરાતી ભાષાઓનો સાહિત્યના ઉંડાણમાં અભ્યાસ કરીએ તો આપણને બન્ને ભાષાઓમાં બહુ જ સામિપ્ય જણાશે.

રાજયપાલશ્રી આજે ગાંધીનગરમાં સાહિત્ય અકાદમી, નવી દિલ્હી અને ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરના સંયુકત ઉપક્રમમાં ગુજરાતી અને હિન્દીનો અંતર્સંબંધ વિષય પર યોજાયેલ રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં સંબોધન કરી રહતા હતા.

તેમણે જણાવ્યું હતું કે વિવિધતાઓને એક બંધનમાં રાખવાનું સૂત્ર એ ભારતીયતા છે. જેને ભારતીય સંસ્કૃતિ કહેવામાં આવે છે. યોગી અરવિંદે કહયું હતું કે ભારતને એક સૂત્રમાં બાંધવાનું નામ આપવું હોય તો તે સનાતન ધર્મ છે. આપણા દેશમાં વિભિન્ન ભાષાઓ–સાહિત્યમાં પણ સામિપ્યના દર્શન થાય છે.

રાજયપાલશ્રીએ ઉર્મેયું હતું કે ગુજરાતી અને હિન્દી ભાષાઓમાં લખાયેલ સાહિત્યમાં જે તે સમયના બન્ને ભાષાઓના વિદ્વાનો–સાહિત્યકારો અને કવિઓએ તેમની શૈલીમાં તે જ સમયની વાત કરી છે. જો આપણે ગુજરાતી–હિન્દીના અંતર્સંબંધને શોધવું હોય તો મધ્યકાલિન ધાર્મિક અને ભકિત સાહિત્યનો

તેમણે જણાવ્યું હતું કે વિવિધતાઓને એક બંધનમાં રાખવાનું સૂત્ર એ ભારતીયતા છે. જેને ભારતીય સંસ્કૃતિ કહેવામાં આવે છે. યોગી અરવિંદે કહયું હતું કે ભારતને એક સૂત્રમાં બાંધવાનું નામ આપવું હોય તો તે સનાતન ધર્મ છે. આપણા દેશમાં વિભિન્ન ભાષાઓ–સાહિત્યમાં પણ સામિપ્યના દર્શન થાય છે.

રાજયપાલશ્રીએ ઉર્મેયું હતું કે ગુજરાતી અને હિન્દી ભાષાઓમાં લખાયેલ સાહિત્યમાં જે તે સમયના બન્ને ભાષાઓના વિદ્વાનો–સાહિત્યકારો અને કવિઓએ તેમની શૈલીમાં તે જ સમયની વાત કરી છે. જો આપણે ગુજરાતી–હિન્દીના અંતરસંબંધને શોધવું હોય તો મધ્યકાલિન ધાર્મિક અને ભકિત સાહિત્યનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવાથી તે પ્રાપ્ત થશે.

પ્રકાશ

તેમણે જણાવ્યું હતું કે નવજાગરણ કાળમાં સમાજ સુધારણા, દેશ પ્રેમ, આપણા અતીત માટે ગૌરવની ભાવના જેવી બાબતોને હિન્દી અને ગુજરાતી સાહિત્ય કૃતિઓમાં સરખી ભાવના સ્પંદિત થતી જોવા મળે છે. ગુજરાતી–હિન્દી ભાષાનો શબ્દ ભંડારમાં પણ ઘણી સામ્યતા જોવા મળે છે. આમ, હિન્દી અને ગુજરાતી સાહિત્ય હંમેશા એક બીજાથી પ્રેરિત અને પ્રભાવિત રહયા છે. હિન્દીમાં કબીર, સૂરદાસ અને તુલસી હોય તો ગુજરાતી ભાષામાં નરસિંહ મહેતા, અખો, પ્રેમાનંદ, દયારામ જેવા ભકત કવિઓની કૃતિઓમાં અદ્‌ભૂત સામ્ય જોવા મળે છે.

સાહિત્ય અકાદમી, દિલ્હીના અધ્યક્ષ પ્રો. વિશ્વનાથ પ્રસાદ તિવારીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે હિન્દી અને ગુજરાતી ભાષા જોડિયા બહેનો છે. તેમણે જણાવ્યું હતું કે ભકિત પરંપરાઓમાં હિન્દી અને ગુજરાતી સાહિત્યમાં ઘણી સમાનતાઓ છે.

આ પ્રસંગે હિન્દી અકાદમીના પરામર્શ મંડળના સંયોજક પ્રો. સૂર્ય પ્રસાદ દીક્ષિત, જાણિતા ગુજરાતી સાહિત્યકાર પ્રો. રઘુવીર ચૌધરી, હિન્દી–ગુજરાતી સાહિત્યમાં પ્રતિબિંબિત થતી ઘણી સમાનતાઓ વિશે રસપ્રદ પ્રવચનો કર્યા હતાં.

પ્રારંભમાં ભાષા સાહિત્ય અને સંસ્કૃતિ અધ્યયન સંસ્થાનના વડા પ્રો. આલોક ગુપ્તાએ સ્વાગત પ્રવચનમાં સંગોષ્ઠી વિશે વિશદ્ માહિતી આપી હતી અને ડૉ. સંજીવકુમાર દુબેએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે હિન્દી અને ગુજરાતી ભાષાના સાહિત્યકારો અને વિદ્વાનો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહતા હતા.

---

પ્રેસ સચિવ